# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

## સલામી સવારની..

પાપનો ઘડો ભરવા પાપી પ્રધાનો ને સાચવે છે,
હપ્તાની હૂંફે જુગારી - બૂટલેગરોને સાચવે છે,
કાળાં કામ કરવા સાચવે છે ઉદ્યોગપતિઓને -
પ્રચારની મળે ન જગ્યા કોંગી કિનારા સાચવે છે

## હાઇકુ

ખસેડી જ દો
હવે બાપુનો ફોટો -
નોટો પરથી..
(નાણાકીય દુર્વ્યવહારો)

વીર નેતાઓ,
રડે ‘ફેસ-બૂક’ માં -
સંતાડી ફેસ..
(ફેસબૂક મહિમા)

## ચિંતન

**યદ્યત્પરવશં કર્મ તત્તદ્યત્નેન વર્જયેત ।**
**યદ્યદાત્મવશં તુ સ્યાત્તત્તત્સેવેત યત્નતઃ ॥**

‘જે જે કામો પારકાને અધીન હોય તે તે કામોનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો, છોડી દેવાં જોઇએ અને જે કામ ખૂદ આપણી મરજીથી જ શરૂ કરી શકીએ અને આપણી મરજી મુજબ પૂરૂં કરી શકીએ એમ હોય તો તે તે કામ ખંતપૂર્વક પણ ચાલું રાખવાં - પૂર્ણ કરવાં.’

કેટલાંક કામો એવાં હોય છે એ કાર્યના ટેકનિકલ જાણકારીની મદદ વિના થાય જ નહીં, આજના જમાનામાં વિજાણુ સાધનો, કોમ્પ્યુટર-મોબાઇલ-ટીવી કે અન્ય ઇલેકટ્રીકલ સાધનો એવાં છે, જે ચાલે ત્યાં સુધી તો સારાં લાગે પણ જયારે બંધ પડી જાય ત્યારે આપણે લાચારીપૂર્વક તેની સામે જોતાં બેસી રહેવું પડે, એનાં જાણકાર-નિષ્ણાંત-રીપેરર ન આવે ત્યાં સુધી કંઇ જ થઇ ન શકે.

આજની સવલતો બધી જ આવ પરાધીન યંત્રો પર આધારિત છે. ઉનાળામાં રાત્રે એ.સી. - પંખામાં સૂતેલાંની ‘લાઇટ’ જાય ત્યારે શી પરીસ્થિતિ થાય, ખૂલ્લાં આંગણામાં ખાટલે પોઢી રહેનારાં કેવી નિરાંતની મીઠી નિંદર માણે છે.

સ્વાવલંબનથી શાંતિ મળે છે ‘રામા’ થી મંત્રીત મહિલાઓની પરાધીનતા - એનો સમય સાચવવામાં કેટલી ‘એકટીવ’ હોય છે?!

## સુવિચાર

- પ્રામાણિક માણસ ગમે તેટલો ગરીબ હોય છતાં મનુષ્યમાં તેની પ્રતિમા રાજા જેવી ઉપસે છે **- બર્ન્સ**
- પ્રામાણિકતા એ મારું અણમોલ ધન છે, જેને હું ખોઇ ન શકું **- ગાંધીજી**
- જે પોતાના ‘પેટ’ નો ખ્યાલ નથી રાખી શકતા એ બીજા કોઇનો ખ્યાલ કયાંથી રાખી શકે? **- એસ. જોન્સન**
- પોતાનું કર્તવ્ય પરમ નિષ્ઠાથી સારી રીતે પૂર્ણ કરવું એ જ પરમેશ્વરની પરમ આદરણીય-ઉત્તમ પૂજા છે **- વિવેકાનંદ**
- પ્રસન્નતા આત્માનું સ્વાસ્થ્ય છે અને ઉદાસી-ગમગીની આત્મા માટે ઝેર છે **- સ્ટેનિલાસ**
- શબ્દો જેટલા ઓછા એટલી પ્રાર્થના ઉત્તમ **- લ્યૂથર**
- પ્રિયજનનો પ્રેમાળ દૃષ્ટિપાત જે આનંદ આપે છે તેવો આનંદ સોનુ-રૂપું આપ્યે પણ મળી શકતો નથી **- લબક**

## બોધ કથા

આપણે સંસારિક સંબંધો-મોહ-માયાની સાંકળથી એવા બંધાયા છીએ કે એ બંધનની પીડામાંથી છૂટી ન શકતા અને ઉલ્ટું ‘પીડા’નો આનંદ લઇએ છીએ. સંસાર-જીવનમાં લિપ્ત થયા વિના સંસારમાં રહેવું જોઇએ.

એક સજ્જન વેપારી ધાર્મિક અને જ્ઞાની હતો. મિથ્યા સંસારને એક કર્તવ્ય તરીકે જાણતો અને માણતો હતો. તેને ત્યાં લગ્ન પછી નવ વર્ષે પુત્રની પ્રાપ્તિ થઇ. ઘરમાં આનંદ છવાયો. પણ બાળક તંદુરસ્ત ન હતો. જન્મના આઠ-દસ દિવસમાં જ દવા-દારૂ-ડોકટરો ચક્રવ્યૂ શરૂ થયો. અંતે બાળકનું અવસાન થયું.

વેપારીની પત્નીને ખૂબ આઘાત લાગ્યો. નવ વર્ષે મળેલું સુખદ સ્વપ્ન છીનવાઇ ગયું. ખૂબ રડે ખાય નહીં, પીવે નહીં ઊંઘે નહીં, વેપારીતો બીજા દિવસથી દૂકાને જવા લાગ્યાં..

પત્નીએ પતિને પૂછ્યું તમને દુઃખ નથી થતું આંખે એકેય આંસુય કેમ નથી આવતું?

વેપારી કહે ગઇકાલે સ્વપ્નમાં હું રાજા હતો. બે રાણી હતી બે ને બે-બે કુંવર હતા. ખૂબ સુખી હતો ત્યાં દુશ્મન રાજા ચઢી આવ્યો ને બધું નાશ થઇ ગયું. મારી ઊંઘ ઉડી ગઇ. હું એને રડું કે આ એક ગયો એને રડું!

પત્ની કહે - પણ એ તો સ્વપ્ન હતું!

વેપારી કહે એ એક રાતનું હતું, આ નવ વર્ષથી ચાલે છે.. પત્નીને જીવનની ક્ષણ ભંગૂરમાં સમજાઇ ગઇ.

# ગાડું ગબડાવતા રહો : આપણા રાજકારણનો અદ્ભૂત મંત્ર!



## મારી નજરે

- વિષ્ણુ પંડ્યા

**મનમોહનસિંહ, પ્રણવ મુખરજી, પી. ચિદંબરમ્, સલમાન ખુર્શીદ... ‘પિગ્મેલિયન સર્કસ’ ના માનવીય મહાનુભાવો!**

● **બદનસીબી અને મજબૂરી**

‘અન-ઍચિવર’ નો સીધો સાદો અર્થ થાય છે - ખાલી હાથ! આપણે ત્યાં તો એક કહેવત પણ છે કે હીરો ઘોઘે જઇ આવ્યો ને પીપળાનું પાન લઇ આવ્યો! ‘ટાઇમ’ ના પાનાં પર આવું ન કહેવાયું હોત તો યે ફરક પડવાનો હતો.

ડૉ. મનમોહનસિંહ ભારતનાં બદનસીબ વડાપ્રધાન છે. મૂળમાં તો આયોજનપંચનાં સરકારી બાબુ - અફસર પણ નરસિંહરાવ જેવા રાજકારણી વડાપ્રધાનને લાગ્યું કે આ માણસને સારી રીતે દોરવીને કામ કરાવી શકાય તેમ છે, એટલે નાણાંપ્રધાન બનાવ્યા. રાવ કોઇ ભોટ માણસ નહોતા, ઉદારવાદ અને બજાર વિશેની તેમની સમજ હતી તેનો અંદાજ નાણાપ્રધાનને આપ્યો એટલે આર્થિક પરિવર્તન આવ્યું.

પણ પછી શું? યુપીએની સરકાર સંભાળવી તો હતી. શ્રીમતી સોનિયા ગાંધીને પણ મુલાયમસિંહ આડા ફાટ્યા. રાષ્ટ્રપ્રમુખ વિદ્વાન ખરા પણ ‘મહેતો મારે ય નહીં ને ભણાવે યે નહીં’ ના સ્વભાવતા. એ.પી.જે. કલામની તાજેતરની આત્મકથા તેનું ઉદાહરણ છે. સોનિયા તો પોતે જ ત્યાગમૂર્તિ હતાં. એવું દર્શાવતા પાછળ તેમનો શું હેતું હશે? અલ્લા જાણે! વાસ્તવિકતા તો એ છે કે આઝાદી પહેલાંથી જ નહેરૂ પરિવારે કોઇ ખાસ ત્યાગ કર્યો જ નથી, કરવામાં માનયો યે નથી. એક ઇતિહાસકારના જણાવ્યા મુજબ તો ‘‘આનંદભવન દેશને ભેટ આપીને આખો દેશ પોતાનો કરી દીધો હતો.’’ અત્યારે પણ રાહુલ ગાંધીની વાહ - વા બોલાય છે અને ભાવિ વડાપ્રધાન તરીકે ગણાવાય છે તો સોનિયા સખત્ શબ્દોમાં એ વાતને વખોડી કાઢતાં કેમ નથી?

મમતા બેનર્જીની એક વાત સાવ સાચી છે. તેણે દેશનાં નેતાઓને ‘‘કરોડરજ્જુવિનાનાં’’ (સ્પાઇનલેસ) ગણાવ્યા છે. લોકોની વચ્ચે જઇને કામ કરવાની હિંમત તેમનામાં નથી એ કડવી પણ વાસ્તવિકતા તેણે કહી છે. જુઓને, રાષ્ટ્રપ્રમુખપદનો છેલ્લે દિવસ વીત્યો પછી શ્રીમતી પ્રતિભા પાટીલે ‘‘સામાન્ય માણસોની વચ્ચે મેટ્રો રેલવે’’ માં મુસાફરી કરી!! જે દેશમાં રાષ્ટ્રપતિ પણ આવાં મશ્કરીરૂપ નાટક કરી શકે ત્યાં વડાપ્રધાન?

તેમનો તો એક જ ઇદારો લાગે છે - ૨૦૧૪ સુધી ગાડું ગબડાવ્યે રાખ્યું. સોનિયાજી પણ એવું જ ઇચ્છે છે કે દોષના ટોપલા સાથે મનમોહન જાય, કોંગ્રેસને કોઇ દોષ ના આપે.

● **વાહ, ભાઇ, વાહ!!**

ડૉ. મનમોહનસિંહનું એક વિધાન, તેમના પ્રત્યે અપાર આદર ધરાવનારા નાગરિકોને ય નવાઇ પમાડે તેવું છે. તેમણે કહ્યું છે કે ભારતમાં ભ્રષ્ટાચાર વધ્યો નથી!

કોણ માનશે આ વાત? અરે, રસ્તા પર કામ કરતાં સામાન્ય મોચી કે ભજિયાં વેંચનાર લારી-ગલ્લાવાળા અને રીક્ષાવાળો યે ફટ્ કરતો કહી દેશે કે ભાઇ, આજકાલ કોઇ જ બાબત નાણાની લેવડદેવડ કર્યા વિના થતી જ નથી.

સામાન્ય વાત છોડો. આ એ.રાજાઓ, કનિમોઝીઓ, માયાવતીઓ, સુખરામો, મોટા સરકારી બાબુઓ, અરે, અશોક ચવ્હાણ જેવા મુખ્યપ્રધાનો અને હમણાં જ જેમને પ્રધાનપદેથી છૂટ્ટી લેવી પડી તે વીરભદ્રસિંહ... આ તો દેખીતાં ઉદાહરણરૂપ નમૂનાઓ છે. કરોડો રૂપિયા ખાઇ જવાયાં તેમને શરમ નથી આવતી. હમણાં એક તસવીર છાપામાં આવી હતી. કેન્દ્રમાં લઘુઉદ્યોગ પ્રધાનપદેથી કરોડોનાં કૌભાંડ માટે રાજીનામું આપનારા હિમાચલ પ્રદેશનાં વીરભદ્રસિંહ જયારે પોતાની રાજકીય કર્મભૂતિ સિમલા પહોંચ્યા ત્યારે તેમનું ટેકેદારોઓ ‘વીરભદ્ર ઝિંદાબાદ!’ નારાથી સ્વાગત કર્યું : આ ટેકેદારોની વચ્ચે હસતાં હસતાં ઊભેલાં વીરભદ્રસિંહને જોઇને આપણને સવાલ થાય કે નાનું બાળક પણ પાંચ રૂપિયાની ચોરીમાં પકડાઇ જાય ત્યારે મોં છૂપાવે છે... આ માણસ કરોડો ખેરવીને હસી રહ્યો છે! તેને મનમાં જરાયે કશું નહીં થયું હોય કે મેં ખોટું કર્યું છે?

અને, વડાપ્રધાન કહે છે કે ભારતમાં ભ્રષ્ટાચાર કંઇ વધ્યો નથી! વાહ, ભાઇ, વાહ!!

● **સબ કુછ ચલતા હૈ!**

ભારતીય સંસદમાં દર ત્રણ સંસદ સભ્યે એક? હા, વાત ચોંકાવી મૂકે તેવી છે. દર ત્રીજે એક કાં તો લૂંટારો છે, બળાત્કારી છે, ખૂની છે, પોલીસ ખાતે તેની ખિલાફ લગાતાર મુકદમા ચાલી રહ્યા છે. હવે તો તેમાં ભ્રષ્ટાચારનો ગૂનો પણ ઉમેરાયો છે. વીરભદ્રસિંહ, સુખરામ, એ.રાજા, કનિમોઝી... આ બધા જનતાના મતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ છે ને?

હવે જરાક આંકડા તપાસો, કુલ ૪, ૮૯૫ સંસદ સભ્યો અને ધારાસભ્યોમાંથી ૧, ૪૫૦ પર ક્રિમિનલ કેસો ચાલુ છે. તેમાંના ૬૪૧ તો ભારે મોટા ગૂના સાથે સંકળાયેલા છે.

હજુ થોડી વધુ ગણતરી કરીએ.

**૬ માન્યવર સંસદ સભ્યો પર બળાત્કાર ગૂજારવાનો આરોપ છે.**
**૩૫૦ સંસદ સભ્યો કોઇના ખૂન કરવાના પ્રયાસોમાં કેજ દર્જ છે.**
**૭૫ સંસદસભ્યો - ધારાસભ્યો સામે ધાડ પાડવાનો આરોપ છે.**
**૧૪૦ સજ્જનો એ ખૂન કર્યાં છે.**
**૯૦ સભ્યશ્રીઓ અપહરણ કેસમાં મુખ્ય આરોપી છે.**
**૧૪૫ માનવીયો ચોરીમાં સામેલ હતા.**

બોલો, આપણે કેવા પ્રતિનિધિઓને ચૂંટી કાઢીએ છીએ, જેઓ લોકસભા - રાજયસભા - ધારાસભામાં બેસીને કાયદા ઘડે છે! એક ગણતરી પ્રમાણે ઝારખંડમાં ૭૪ ટકા, બિહારમાં ૫૮ ટકા અને મહારાષ્ટ્રમાં ૫૧ ટકા આવાં સાંસદો - ધારાસભ્યો પરનાં ગૂના છે.

એટલે કે આગામી રાષ્ટ્રપ્રમુખને મત આપનારાઓમાં ૩૧ ટકા ગૂનાખોર સભ્યો હશે!

હમણાં રાષ્ટ્રપતિ પદ માટે મત માગવા ઉત્તરપ્રદેશ ગયેલા પ્રણવ મુખરજીના ભોજન સંભારણમાં એવા બે નામચીનો પણ હાજર રહ્યા - જે જેલમાં છે અને પ્રજાના પ્રતિનિધિ પણ છે!

ચૂંટણીપંચ આ ૩૧ ટકાને રાષ્ટ્રપ્રમખની ચૂંટણીમાં મતદાન ન કરે તેવો આદેશ કરવાની હિંમત કરી શકશે? ના રે ના... ચલતા હૈ! સબ કુછ ચલતા હૈ!!

● **અમે તો આવું બોલ્યા નહોતા!**

ગુજરાતી પ્રજામાં એક લોકવાર્તા કાયમ સાંભળવા મળશે. બોબડી - બહેરી એક સ્ત્રી પોતાનાં ઘરનું તમામ રહસ્ય જાહેર કરીને છેવટે તો એવું જ કહે છે : હું તો બોયીય નથી, નને ચાયી નથી...

પી. ચિદંબરમ અને સલમાન ખુરશીદના હૈયે હતું એ હોઠે આવ્યું હતું. એકે મધ્યમવર્ગની મશ્કરી કરી કે આઇસ્કીમ તો ખાઓ છો ને ઘઉંના મામૂલી ભાવવધારાથી પેટમાં ચૂંક આવે છે? તો બીજાએ - સલમાન ખુરશીદે - કોંગ્રેસ તદ્દન દિશાવિહીન થઇ ગઇ છે તેને રાહુલ ગાંધીએ માર્ગદર્શન આપવું જોઇએ. એવી સલાહ જાહેરમાં આપી. કેવા દિવસો આવ્યા છે કે જે કોંગ્રેસને કોઇ સમયે જવાહરલાલ, ગાંધીજી, સરદાર વલ્લભભાઇ, રાજેન્દ્ર પ્રસાદ કે મૌલાના આઝાદ જેવા ધરખમ મહાનુભાવોનું માર્ગદર્શન મળતું, તેને રાહુલ ગાંધીનો આશરો લેવો પડે છે!

પણ ખુરશીદ - ચિદંબરમ મીડિયામાં ઝડપાઇ ગયા, હવે તેઓ કહી રહ્યાં છે કે, અમે આવું કહ્યું જ નહોતું! અમારે કહેવાનો મતલબ જૂદો જ હતો! આ તો મીડિયાએ ખોટી રીતે, મારી મચડીને અમારા વાકયોને અનર્થ કર્યો છે...

લો બોલો! માની લીધું કે થોડાક ઓછી સજ્જતા ધરાવતાં તિકડમબાજો પત્રકારો આવું કરે ય ખરા, પણ બધા તો એવા ના હોય ને? વળી ચિદંબરમ્ શું બોલ્યા તેનો તો ટીવી ચેનલોમાં તેમના જ શબ્દોમાં પુરાવો છે!

એક વધુ મોકાણ સાંભલી લો. કેન્દ્રની મનમોહનસિંહ સરકાર હવે પી. ચિદંબરમને જ નાણાપ્રધાન બનાવવાનું વિચારી રહી છે!

ધૂમકેતુનું વિધાન છે - ‘પડે છે ત્યારે સઘળું પડે છે!’ પણ હવે તેમાં ઉમેરો કરવા જેવો છે - ‘આ લોક પોતે તો પડશે, દેશને ય પાડશે!’

● **પિગ્મેલિયન સર્કસના સિંહ!**

આપ કેવી રાજનીતિ કરી રહ્યાં છો?

આ સવાલ દરેક રાજકીય મહાનુભાવને પૂછવાની યે હવે તો જરૂર રહેતી નથી. તેઓ એવી રીતે વર્તી રહ્યાં છે કે આપોઆપ ઊંઘાડા પડી જાય!

પ્રણવ મુખરજીનું જ ઉદાહરણ લઇએ, કહે છે કે ૫૦ વર્ષથી તેઓ રાજકારણમાં છે. હવે રાષ્ટ્રપ્રમખ બનાવા છે. બનાવટી સહીથી માંડીને અન્ય હોદ્દાના ઉપયોગ સુધીના તેમના પર આરોપ મૂકાય છે. ઉત્તરપ્રદેશના મુલાયમસિંહને રાજી રાખવાના ભોજન સમારંભમાં બે ‘દાગી’ ધારાસભ્યો જેલમાંથી આવી ચડ્યા હતા. તેના અહેવાલો આવ્યાં છે.

રાજકીય પક્ષ તરીકે પ્રણવ મુખરજી કોંગ્રેસ કૂળનાં છે. રાષ્ટ્રપ્રમુખ બનવાથી એ લોહી સૂકાઇ જાય ખરૂં કે? તે સવાલનો જવાબ સહેલો નથી. ઘણા ખરાં રાષ્ટ્ર પ્રમુખો વડાપ્રધાન ની ઇચ્છાને આધીન રહ્યાંના પ્રસંગો છે. પણ મૂળ વાત એ છે કે ‘‘ગમે તેનો ટેકો’’ લઇને બનવું એમાં કોઇ નૈતિકતા ખરી? ગઇકાલે બાલ ઠાકરેને તે મળવા ગયા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વૃક્ષ પર આસન જમાવીને ધરણાં કરીને વૃક્ષોને કપાતાં બચાવવાનો એક નવિનત્તમ માર્ગ એક યુવાન મહિલાએ અજમાવ્યો

## વન્યસૃષ્ટિ પરિચય

**વૃક્ષાસન ધરણાં - ટ્રી સિટિંગ**
**જુલિયા બટરફલાય હીલ**

- હેમંત સુથાર

ગાંધી ચિંધ્યા માર્ગે કોઇ લડત થઇ રહી હોય ત્યાં ધરણાં એક અસરકારક હથિયાર તરીકે અચૂક ઉપયોગમાં લેવાય છે. પોતાની માંગણી કે પોતાને થયેલા અન્યાય સબબ વિવિધ લોકો જુદી - જુદી રીતે પોતાની લડત આદરતાં હોય છે. જેમાં આવેદન પત્રો આપવા, રૅલી કાઢવી, ભૂખ હડતાળ પર જવું, સૂત્રોચ્ચાર કરવા કે પ્રચાર-પ્રસાર માધ્યમ દ્વારા રજૂઆત કરવાની પધ્ધતિઓ અપનાવાય છે. આ બધામાં વૃક્ષ પર આસન જમાવીને ધરણાં કરીને વૃક્ષોને કપાતાં બચાવવાનો એક નવિનત્તમ માર્ગ એક યુવાન મહિલાએ અજમાવ્યો.

આ મહિલાનું નામ છે જુલિયા લૉરૌન હીલ. લડત સમયે - ૨૩ વર્ષ. વતન અમેરિકાનું આર્કાન્સાસ. એક જીવલેણ કાર અકસ્માતમાં બચી ગઇ. ત્યારબાદ પ્રવાસે નીકળી. અમેરિકાના ઉત્તર કેલિફૉર્નિયાના પ્રખ્યાત રૅડવુડ ફોરેસ્ટ પાર્કની મુલાકાત લીધી.

અહીંના હજ્જારો વર્ષની ઉંમર ધરાવતાં પ્રાચીન વૃક્ષો જોતાં જ તે રોમાંચિત થઇ ઉઠી. વિશ્વના સહુથી ઊંચા વૃક્ષ કે જેની ઊંચાઇ ૧૧૨.૧૦ મીટર, ૪૦૦ ફૂટથી



વધુ ઊંચાઇના આ ૧૫૦૦ વર્ષ જૂના વૃક્ષ પાસે આવતાં તે ગદ્ગદિત થઇ ઊઠી. ‘લુના’ નામના આ વૃક્ષને તે ઘૂંટણીએ પડીને પગે લાગી. આ વૃક્ષમાં પોતાનો કોઇ અંશ છે તેવી તેને અંતરંગ લાગણી થઇ આવી.

તેનામાં એક જબરજસ્ત બદલાવ આવ્યાની તેને અનુભૂતિ થઇ. પ્રવાસ પૂર્ણ કરીને ઘરે આવ્યા બાદ તુરંત તેને તેની નોકરી છોડી દીધી. પોતાનું ઘર અને ઘરવખરી વેચી દીધી અને નીકળી પડી રૅડવુડના જંગલો બચાવવાના અભિયાન પર.

તારીખ ૧૦ ડિસેમ્બર વર્ષ ૧૯૯૭નાં રોજ જુલિયા હીલ રૅડવુડ પાર્ક ખાતે આવીને ‘લુના’ નામના એ વિશાળકાય વૃક્ષ પર ચઢીને ધરણાં પર બેસી ગઇ.

કૅલિફૉર્નિયાની ઉત્તરે અને દક્ષિણે ઑરેગાનની કિનારાની પટ્ટીમાં એક સમયે ૨૦ લાખ એકરમાં રૅડવુડ નામના વૃક્ષોનું ફેલાયેલું જંગલ હતું. ઘણાં વર્ષોથી આ જંગલ કપાઇ રહ્યું હતું અને ફક્ત ૮૦ હજાર એકરમાં જ ફક્ત ૪ ટકા જેટલા જ વિસ્તારમાં તે બચ્યું હતું. આ ભાગ રૅડવુડ નૅશનલ પાર્ક તરીકે જાણીતો છે. ત્યાં પણ પેસિફિક લંબર નામની કંપનીએ વૃક્ષો કાપવા માટેનો કોન્ટ્રાક્ટ અપાઇ ચૂક્યો હતો અને હજ્જારો વર્ષ જૂના હજ્જારો વૃક્ષો કપાઇ રહ્યા હતાં.

જુલિયા હીલે હિંમતપૂર્વક વૃક્ષાસનનો આ કઠીન માર્ગ અપનાવ્યો હતો. તેને આશા હતી કે તેની આ લડતમાં ઝડપથી ઘણાં બધાં લોકો જોડાઇ જશે. પરંતુ તેની આ ધારણાં ખોટી ઠરી. તેની લડતને કોઇ સહયોગ કે પ્રતિસાદ ન મળ્યો. પરંતુ જુલિયા હિંમત ન હારી. તેના મર્યાદિત સહયોગીઓના ટેકે તેને તેની લડત ચાલુ રાખી.

લૂના વૃક્ષ પર ૧૮૦ ફૂટની ઊંચાઇએ વૃક્ષ પર જ તેને ૬ ફૂટ બાય ૮ ફૂટનું એક મચાન જેવું ઘર બનાવી દીધું. છત્રીમાં વપરાય છે તેવું કાપડ ઉપયોગમાં લઇને નાની મોટી આડાશ અને બેઠક બનાવી લીધી. અન્ય કોઇ સગવડ નહીં, ન બાથરૂમ કે ન જાજરૂ. ઠંડી, ગરમી, ભેજ, પવન અને વરસાદ જેવી કુદરતી આપત્તિઓ માટે ખાસ કોઇ રક્ષણ વ્યવસ્થા નહિ. દિવસ-રાત વૃક્ષ પર જ રહેવાનું. સહયોગીઓ જરૂરી ખોરાક - પાણી પહોંચાડતાં રહે.

આ સ્થિતિમાં તેના ધરણાં લંબાતા ગયા. આ તરફ કંપનીનું વૃક્ષો કાપવાનું કામ ચાલું જ હતું. જુલિયાને દૂર કરવા કંપનીએ તેને તકલીફો આપવાનું શરૂ કર્યું. રાત્રી દરમિયાન જુલિયાના વૃક્ષ આશરા પર ફલડ લાઇટથી આંખો આંજી નાંખે તેવો પ્રકાશ ફેંકવો અને તેને ઊંઘવા ન દેવી. વૃક્ષ પાસે હૅલીકૉપ્ટર લઇ જઇને ડરાવવી. લુના વૃક્ષની ફરતેના વૃક્ષો કાપીને તે ગભરાય તેવી સ્થિતિ પેદા કરી કરવી અને જુલિયાને ખોરાક - પાણી ન મળે તે રીતે લુના વૃક્ષ ફરતે સીક્યોરીટીનો પહેરો ગોઠવીને આઠથી દસ દિવસ તે ભૂખી - તરસી રહે તેવી સ્થિતિ ઊભી કરવી જેવા કુટિલ પગલાં લેતાતાં રહ્યાં. આમ છતાં જુલિયા ટસની મસ ન થઇ.

બીજી તરફ જંગલમાં માનવીય અડચણો કુદરતી આપત્તિઓનો પણ સામનો કરવાનો થતો હતો. એકવાર ૬૦ કિલોમીટરની ઝડપે અલનીનો - વાવાઝોડું ફૂકાયું. વૃક્ષ હમણાં પડી જશે તેવી સ્થિતિ ઉભી થઇ. વૃક્ષની કેટલીક ડાળીઓ તૂટી જઇને જુલિયાના મચાન પર પણ પડી. આવું તોફાન ૧૮ થી ૨૦ દિવસ ચાલ્યું. ઉપરાંત વરસાદ, ઠંડી, તાપ તો ખરો જ.

આમને આમ દિવસો વીતતા ગયા. મહિના, બે મહિના, છ મહિના, વરસ, દોઢ વરસ... જુલિયાએ હાર ન માની.


હવે તે વૃક્ષ સાથે વાતો કરતી થઇ ગઇ. વૃક્ષની ડાળીએ ડાળીએ ઉપર - નીચે ફરતાં શીખી ગઇ. આ દરમિયાન ઘણીવાર તે રડી.

(અનુસંધાન પાના નં. ૬ પર)


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૫મી જુલાઇ**



- મહાન દેશભક્ત સન્નારી દુર્ગાબાઇ દેશમુખનો જન્મ ૧૫-૭-૧૯૦૭.
  હાઇકોર્ટ - સુપ્રિમકોર્ટના વકીલ. બંધારણસભાના સભ્ય. સમાજકલ્યાણ બોર્ડના અધ્યક્ષ. આ યશસ્વી નારીરત્નને પદ્મવિભૂષણ.
- રશિયાના લેખક એન્ટોની મેખોવનું મૃત્યુ - ૧૯૦૪.
- ૧૫-૭-૧૯૭૯ શ્રી મોરારજી દેસાઇનું વડાપ્રધાન પદેથી રાજીનામું.



- ૧૯૦૨ - કિંગમેકર તરીકે જાણીતા નેશનલ કોંગ્રેસના પ્રમુખ (૧૯૬૫-૬૬) શ્રી કામકાજ નાદરનો જન્મ - ૧૯૦૨.
- શિક્ષકમાંથી કાશ્મીરના મુખ્યપ્રધાન બનનાર. ગુલામ મોહંમદ બક્ષીનું અવસાન - ૧૯૭૨.

# કિશોર/કિશોરી અપરાધી માટેના કાયદા (જુવેનાઇલ લૉ)

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

સમાજમાં ઘણા કિસ્સામાં અપરાધના રસ્તે ઘણીવાર યુવાવસ્થઆમાં પ્રવેશેલ ના હોય તેવા કિશોર કિશોરીઓ ચઢે છે. ચોરી, લૂંટ, બળાત્કાર, મારઝૂડ, એક્સીડેન્ટ, વિગેરે અપરાધમાં ઘણીવાર, કિશોરો સંડોવાયેલ હોય છે. આર્થિક મજબૂરી, અન્ય માલદાર યુવાનોની દેખાદેખી અગરતો કોઇના દોરવાથી, કિશોર ગેંગ બનાવી ચોરીઓ કરાવતા, ગેંગ લીડરોનાં કબજામાં આવા બાળ ગુનેગારો ઉછેર છે. જયાં કોઇ કિશોરની ધરપકડ કોઇ પણ ગુના માટે કરવામાં આવે ત્યારે ઇન્ચાર્જ પોલીસ અધિકારી અથવા એ જુએનાઇલ પોલીસ યુનિટ સમક્ષ આવા અપરાધીને લાવવામાં આવે છે. ત્યારે ધરપકડ કરી તેના માબાપ - વાલી ને જાણ કરવામાં આવે છે તેમજ, જુએનાઇલ બોર્ડ સમક્ષ હાજર રહેવા સૂચના આપવામાં આવે છે. આવી અપરાધીની ક્રિમીનલ પ્રોસીઝર કોડની ૧૯૭૩ અથવા તત્કાલીન પ્રવર્તમાન કોઇ કાયદામાં સમાવેશ હોવા છતાં તત્કાલીન કે વિના જામીન મુક્ત કરવામાં આવે છે અને જુએનાઇલ (બાળ સંરક્ષણ ગૃહ) માં મુકવામાં આવે છે જયાં તેનો વિકાસ, અભ્યાસ, ખોરાકની વ્યવસ્થા કરવામાં આવે છે તથા અન્ય ગુનેગારોનાં સંપર્કમાં આવવાથી નૈતિક, શારીરિક, અથવા માનસ શાસ્ત્રીય રીતે નિષ્ફળ જતા અટકાવી ગુનાહિત પ્રવૃત્તિમાંથી પાછા વાળી સમાજમાં પુનઃ પ્રસ્થાપિત કરવાનો ઉદ્દેશ કાયદામાં કરવામાં આવેલ છે.

આવા ગુનાઓમાં સંડોવાયેલ બાળ ગુનેગારનાં નામો પ્રસિધ્ધ કરવાનો પ્રતિબંધત છે.

રહેલો છે.

જો કોઇ વ્યક્તિ બાળકો / કિશોરોને શ્રમ પડે તેવા કાર્ય કરાવડાવે બાળ મજુરી કરાવડાવે, ભીખ મંગો અથવા કેફી પદાર્થ પીવડાવે, કોઇ બાળકને બંધનમાં રાખે તેમજ તેની કમાણી પોતાના પાસે રાખે તો તેવા વ્યક્તિને ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઇ વર્તમાનપત્ર મેગેઝીનમાં ન્યૂઝશીટમાં દૃશ્ય, શ્રાવ્ય માધ્યમમાં આવા બનાવો દર્શાવવા અંગે પ્રતિબંધ છે. કલમ ૨૧ (૨) નો ભંગ કરનારને એક હજાર સુધીનો દંડની જોગવાઇ છે.

જુએનાઇલ કોર્ટમાં એક ન્યુ.મેજી. ૨% એક મનો વૈજ્ઞાનિક તેમજ અન્ય બે સભ્યો મળી ચાર સભ્યોની કમિટી સરકાર દ્વારા બનાવવામાં આવે છે.

કમિટીને બાળકોની દરકાર, રક્ષણ, સારવાર, વિકાસ અને પુનઃવર્સન અંગે અને તેમનાં પાયાનાં હક્કો - દરકાર અને રક્ષણ અંગેની જોગવાઇ કરવાની આખરી સત્તા આપવામાં આવેલ છે. જેથી સમાજમાં બાળ ગુનેગારનું પ્રમાણ ઘટે તથા પુનઃ ગુના તરફ ના દોરાય. તે માટે એક જાહેર સેવકની અગર તો N.G.O. ની પણ મદદ મેળવી શકે છે.

ગુનેગાર જન્મતા નથી, સમાજના વિવિધ પરિબળો, સંજોગો, બાળકોને ગુનાહિત પ્રવૃત્તિ તરફ દોરી જાય છે. તેમના પુર્નવસન માટે તેમજ સામાજિક એક્સરતા માટે દત્તક વિધાનથી, ઉછેરથી, સ્પોન્સરશીપથી અને બાળકોને આફ્ટર કેર, ઓર્ગેનાઇઝેશનમાં મોકલીને સુધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

પુનઃવર્સનમાં રાખેલા બાળકોને સક્ષમ અધિકારીની સુપરવિઝન હેઠળ ખાસ પ્રસંગે જેવા કે પરીક્ષા સગાવ્હાલાંનું લગ્ન. નજીકના સગાનું મૃત્યુ અથવા અકસ્માત, માબાપની ગંભીર માંદગી તેવા પ્રકારની જરૂરિયાતવાળા બાળકોને વધુમાં વધુ સાત દિવસની રજા (લીવ ઓફ એબસન્સ) સમક્ષ અધિકારી મંજૂર કરી શકે છે.

ગૃહમાંથી ભાગી જવાના પ્રસંગો ઘણી વખત ઉદ્ભવે છે, સુપરવાઇઝરની ક્રૂરતા, શોષણ, અથવા ખાવાપીવાની ઉણપના કારણે ઘણી વખત નારી સંરક્ષણ, બાળગૃહો, બાળ સંરક્ષણ ગૃહમાંથી બાળકો ભાગી જાય છે. તેમને પરત લાવી, પુનઃવર્સનની કામગીરી પણ કરવામાં આવે છે.

સમાજમાં તિરસ્કૃત બાળકો ચોરી ચપાટીના રવાડે ચઢે છે જે કાયમી ગુનેગાર નથી આવા બાળકોનું માનસ પલટાવવા જાગૃત નાગરિક તરીકે તેમજ સેવાભાવી સંસ્થાઓએ મદદમાં આવવું જોઇએ જો કે રોટરી કલબ તથા લાયન્સ કલબ, આવી પ્રવૃત્તિમાં અગ્રેસર હોય છે, જેનો દાખલો સમાજે લેવો જોઇએ.